પ્રાથમિક તપાસ અહેવાલ / ખુલાસા
રજૂ કરતી વખતે તકેદારી રાખવા
બાબતની સૂચનાઓ.

ગુજરાત સરકાર
**માર્ગ અને મકાન વિભાગ,**
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦–૨૦૧૮/૧૧/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯/૧૨/૨૦૨૦
29 DEC 2020

વંચાણે લીધા :

૧) ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગરનો તા. ૨૩/૭/૧૯૯૨નો પરિપત્ર ક્રમાંક : મકમ/૧૦૯૨/પરિપત્ર–૧/ફ
૨) સા.વ.વિ.નો તા. ૨૭/૨/૧૯૮૧નો પરિપત્ર ક્રમાંક : ડીઈસી/૧૦૮૧/૮૦/ત.એ.
૩) સા.વ.વિ.નો તા. ૧/૯/૧૯૯૨નો પરિપત્ર ક્રમાંક : ડીઈસી/૧૦૯૨/૧૧૯૦/ત.એ.
૪) સા.વ.વિ.નો તા. ૧૬/૧૦/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક : સીડીઆર/૧૪૨૦૧૫/૧૧૩૯/ત.એ.
૫) ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગરનો તા. ૧૯/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક : મકમ/૧૦–૨૦૧૬/૭૮૭૭૩૯/ફ
૬) મા.મ.વિ.નો તા. ૧૦/૧૧/૨૦૦૬ના પરિપત્ર ક્રમાંક : એસ.૯૨૯૮/મ.૨૫૬/૧૧૫/ક ભાગ–૧
૭) વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ: ૧૭/૦૧/૨૦૧૮નો પરિપત્ર
૮) સા.વ.વિ.નો તા. ૦૬/૦૮/૨૦૧૮નો અ.સ.પત્ર ક્રમાંક : સીવીઓ/૧૦૨૦૧૧/૧૭૭૮/ત.એ.
૯) મા.મ.વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ: ૦૫/૦૯/૨૦૧૮નો પરિપત્ર
૧૦) મા.મ.વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ: ૨૬/૧૨/૨૦૧૮નો પરિપત્ર
૧૧) મા.મ.વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ: ૨૯/૦૮/૨૦૧૯નો પરિપત્ર
૧૨) મા.મ.વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ: ૨૬/૦૮/૨૦૨૦નો પરિપત્ર

***પરિપત્ર :***

સામાન્યતઃ સરકારી અધિકારીઓ / કર્મચારીઓ સામે આક્ષેપોવાળી અરજીઓમાંથી પ્રાથમિક તપાસ ઉદ્દભવે છે. આ ઉપરાંત કચેરી નિરીક્ષણ, ઓડિટ, સરકારી સમિતિઓ તેમજ વર્તમાન પત્રો / ટેલિવીઝન જેવા પ્રસારણ માધ્યમો દ્વારા પ્રસિધ્ધ થતી વિગતોને આધારે પણ અધિકારીઓ / કર્મચારીઓ સામે પ્રાથમિક તપાસ ઉદ્દભવે છે.

૨. સરકારી અધિકારીઓ / કર્મચારીઓ સામેલાંચ રૂશ્વત, ભ્રષ્ટાચાર, પ્રમાણિકતાનો અભાવ, સત્તાનો દુરૂપયોગ, ગેરરીતી કે ગેરવર્તણૂક, નાણાંકીય ગેરરીતિ વગેરે બાબતે આક્ષેપો થયા હોય તો તે અન્વયે તેવા આક્ષેપિત અધિકારી / કર્મચારી સામે પ્રાથમિક તપાસ હાથ ધરી તકેદારી આયોગમાં રજૂ કરી ભલામણ મેળવવાની હોય છે. વંચાણે લીધા ક્રમાંક : (૧) થી (૧૨) મુજબના સા.વ.વિ., મા.મ.વિભાગ તેમજ ગુજરાત તકેદારી આયોગના પરિપત્રોની જોગવાઈ અનુસાર નિવૃત્ત થતા અધિકારીઓના પ્રકરણમાં અભિપ્રાય / ભલામણ અર્થે ગુજરાત તકેદારી આયોગને સમયસર દરખાસ્તો મોકલી આપવા સંદર્ભે વારંવાર અને વિવિધ સૂચનાઓ આપવામાં આવેલ છે. આમછતાં, પ્રાથમિક તપાસ અધિકારી / અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા નિયત સમય–મર્યાદામાં પ્રાથમિક તપાસ અહેવાલ / સ્પષ્ટતા / અભિપ્રાય રજૂ કરવામાં ન આવતાં, ગુજરાત તકેદારી આયોગને નિયત સમય–મર્યાદામાં વિભાગ દ્વારા દરખાસ્ત મોકલી શકાતી નથી, પરિણામે આક્ષેપિત અધિકારી / કર્મચારી સામે સુનિશ્ચિત કરાયેલ શિક્ષાત્મક પગલાં લઈ શકાતાં નથી અથવા તેમ કરવામાં અસાધારણ વિલંબ થવાને પરિણામે આક્ષેપિતને આક્ષેપોમાંથી છટકવાની તક મળી જાય છે.

૩. સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક : ૧૧ સામેના તા. ૨૯/૦૮/૨૦૧૯ના પરિપત્રના ફકરા–૪ના સબ પારા ક્રમાંક : ૧, ૩, ૯, ૧૦ અને ૧૧ માં જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ તેનું અક્ષરશઃ પાલન ન થતું હોય તેવું અનુભવે જણાયેલ છે. આથી આ બાબતે નીચે મુજબની વિગતે વિગતવાર સૂચનાઓ પુનઃ આપવામાં આવે છે, તેનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૧) આક્ષેપિત અધિકારી સામેની પ્રાથમિક તપાસ શક્ય બને તેટલી જલ્દી પૂરી કરવી. સામાન્ય રીતે વધુમાં વધુ ***ચાર માસની સમય–મર્યાદાની અંદર પ્રાથમિક તપાસ પૂર્ણ કરી આ વિભાગને નિર્ણય અર્થે પ્રાથમિક તપાસ અહેવાલ અચૂક રજૂ કરવાનો રહેશે.***

જો કોઈ કિસ્સામાં અસાધારણ કારણો / સંજોગોવશાત્ સમય–મર્યાદામાં તપાસ પૂર્ણ થાય તેમ ન હોય તો વાજબી કારણો સહિત (અપેક્ષિત વધારાના સમયગાળાની વિગત સાથે) વિભાગ સમક્ષ હકીકત રજૂ કરવાની રહેશે, જેથી તે મુજબ ગુજરાત તકેદારી આયોગને સમય–મર્યાદા અંગે ઉચિત દરખાસ્ત કરી શકાય.

વધુમાં તપાસ હેઠળના કામોમાં કામ પૂર્ણ થયા બાદ ત્રણ વર્ષ કે તેથી વધુ સમયના વિલંબ બાદ સ્થળ ચકાસણીની ઘટનાઓ વિભાગના ધ્યાને આવેલ છે. રસ્તાઓના કામમાં વિલંબથી તપાસ હાથ ધરવામાં આવે તો મૂળ કામ બાદ અન્ય નવેસરથી કામગીરી થવાની સંભાવના રહેતી હોવાથી રજૂઆત પરત્વે ન્યાય મળી શકે નહિ, જેથી આવો વિલંબ યોગ્ય ન ગણાય. આથી તપાસ સમયસર હાથ ધરી, નિયત સમય–મર્યાદામાં પ્રાથમિક તપાસ અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૨) પ્રાથમિક તપાસ દરમિયાન જવાબદાર જણાતા અધિકારી / કર્મચારીના પ્રાથમિક ખુલાસા નિયત સમય–મર્યાદામાં એટલે કે, દિન–૧૫માં મેળવી લેવાના રહેશે જો આવો ખુલાસો સબંધિત આક્ષેપિત અધિકારી / કર્મચારી દિન–૧૫માં રજૂ ન કરી શકે તો તે માટેના વાજબી કારણો સાથે વધુ ૧૫ દિવસની સમય–મર્યાદા લંબાવી આપવી અને એકંદરે આ બંને મળી ***કુલ દિન–૩૦માં આક્ષેપિત દ્વારા ખુલાસા રજૂ કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં ખુલાસા માટે વધુ રાહ જોયા વિના એકપક્ષિય અભિપ્રાય આપી આગળની કાર્યવાહી અર્થે દરખાસ્ત મોકલી આપવાની રહેશે.***

૩) પ્રાથમિક તપાસ અહેવાલ રજૂ કરતી વખતે ક્ષતિપત્રકમાં જવાબદાર આક્ષેપિતોના પૂરા નામ, હાલનો હોદ્દો, ક્ષતિનો સમયગાળો તેમજ ક્ષતિ દરમ્યાનનો હોદ્દો દર્શાવવામાં આવતો નથી. આથી પ્રાથમિક તપાસ અહેવાલ રજૂ કરતી વખતે અહેવાલ સાથેના ક્ષતિપત્રકમાં આક્ષેપિતોની સેવા વિષયક માહિતી જેવી કે, ***આક્ષેપિતનું પૂરું નામ, હોદ્દો, ક્ષતિનો સમયગાળો અને ક્ષતિના સમયગાળા દરમ્યાનનો હોદ્દો, ક્ષતિના સમયગાળા દરમ્યાન આક્ષેપિતનો સંવર્ગ (રાજ્ય / પંચાયત / અન્ય વિભાગના કર્મચારી), કચેરીનું પૂરેપૂરું સરનામું અને આક્ષેપિત અધિકારી / કર્મચારીની જન્મ તારીખ તેમજ નિવૃત્તિ તારીખ જરૂરી આધાર સહિત અચૂક દર્શાવવાના રહેશે.***

૪) પ્રાથમિક તપાસ દરમિયાન જવાબદાર જણાતા આક્ષેપિત અધિકારી / કર્મચારીના ***ખુલાસા નિયત પત્રકમાં રજૂ કરવામાં આવે ત્યારે તેની સાથે સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક : ૧૨ સામેના તારીખ:***

*૨૬/૦૮/૨૦૨૦ના પરિપત્રથી નિયત કરેલ ચેકલીસ્ટમાં આક્ષેપિત અધિકારી / કર્મચારીની સેવા વિષયક માહિતી અચૂક સામેલ કરવાની રહેશે.*

૫) પ્રાથમિક તપાસ અહેવાલ વિલંબથી રજૂ કરવાના કારણે જવાબદાર આક્ષેપિતો સામે કાર્યવાહી શકય બનતી નથી આ બાબતે જરૂરી તકેદારી રાખવા તેમજ ***આ પ્રકારના વિલંબથી રજૂ થતા કેસમાં સબંધિત ક્ષેત્રિય અધિકારીઓ સામે નિયમાનુસારની સખત શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.***

૬) પ્રાથમિક તપાસ અહેવાલમાં અમુક કિસ્સાઓમાં કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ આજ ચેઈનેજમાં સરકારશ્રી દ્વારા પુનઃ વાઈડનીગ અને રીસરફેસીગની કામગીરી કરાવવામાં આવેલ હોવાથી આ કામની સ્થળ તપાસ શકય ન હોવાથી રેકર્ડ આધારિત તપાસ કરવામાં આવતા હોવાનું ધ્યાને આવેલ છે. ***આ બાબતે આવી કોઈ રજૂઆત અથવા તપાસ પડતર હોય તો સૌ પ્રથમ તેની તપાસ પૂર્ણ કરી, તેમાં કામગીરી નબળી જણાય તો તે સંજોગોમાં સબંધિત જવાબદારો સામે નિયમાનુસારની શિક્ષાત્મક કાર્યવાહી અર્થે કાગળો સત્વરે રજૂ કરવાના રહેશે.***

***સદર કામનું પુનઃ વાઈડનીગ અને રીસરફેસીગ કરવું હોય તો તેવા કિસ્સામાં સ્થળ / કામનું પંચરોજકામ / ફોટોગ્રાફી વિગેરે કરી લેવું. જેથી તપાસની આગળની કાર્યવાહીમાં પુરાવાઓ તરીકે ઉપયોગમાં લઈ શકાય.***

૪. ઉકત ફકરા–૩ (૧) થી (૬) તેમજ સંદર્ભ (૧૧) અને (૧૨) સામેના સમાનાંકી પરિપત્રની વિગતે પ્રાથમિક તપાસના પડતર કેસોના અહેવાલ / ખુલાસા રજૂ કરવા સબંધે સામાન્ય વહીવટ વિભાગ / ગુજરાત તકેદારી આયોગ તેમજ વિભાગ (ખુદ)ના પરિપત્રની જોગવાઈ / સૂચનાઓ ખાતાના વડા / અધીક્ષક ઈજનેરશ્રીઓનું ધ્યાન દોરવામાં છે તેમજ જો આ સમય–મર્યાદા ન જળવાય તો તે અંગેની જવાબદારી સબંધિત ખાતાના વડા / અધીક્ષક ઈજનેરની રહેશે અને તે સબંધમાં જરૂર જણાયે ખુલાસા મેળવી ઉચિત શિક્ષાત્મક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*( કલ્પેશ શાહ )*
અધિક સચિવ (સેવા)
માર્ગ અને મકાન વિભાગ,

નકલ રવાના :–

- સચિવશ્રી (મા.મ.)ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મા.મ.વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ
- સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ ( પંચાયત વર્તુળ સહિત )
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (પંચાયત સહિત)
- સેકશન અધિકારીશ્રી, ક.૧, ઈ.૧ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ

१३५०७४७